એક સપ્તાહમાં ૬,૬૧૭ એક્સ્ટ્રા બસ, ૭ લાખથી વધુ ટિકિટો બુક કરી રૂ. ૧૬ કરોડથી વધુની આવક મેળવી

દિવાળીના પર્વ દરમ્યાન સુરત ખાતેથી ST નિગમે સૌથી વધુ 1350 એક્સ્ટ્રા બસ દોડાવી

તા. ૪ નવેમ્બરના રોજ મુસાફરો દ્વારા એક દિવસમાં ૧.૪૧ લાખથી વધુ સીટોના બુકિંગ થકી રૂ.૩.૧૫ કરોડની આવક સાથે એડવાન્સ બુકિંગનો રેકોર્ડ

ગાંધીનગરઃ દિવાળીના પર્વ દરમ્યાન ગુજરાત રાજ્ય માર્ગ અને પરિવહન વિભાગ દ્વારા તા.૨૯ ઓક્ટોબરથી ૦૪ નવેમ્બર ૨૦૨૪ સુધી ગુજરાતમાં કુલ ૬,૬૧૭ એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવી હતી, જેમાં એક સપ્તાહમાં ૭ લાખથી વધુ ટિકિટો બુક કરીને રૂ. ૧૬ કરોડથી વધુની આવક એસ.ટી નિગમે કરી હતી. આ ઉપરાંત ૪ નવેમ્બરના રોજ મુસાફરો દ્વારા એક દિવસમાં ૧.૪૧ લાખથી વધુ સીટોનું તેમજ રૂ.૩.૧૫ કરોડનું બુકિંગ કરીને અત્યાર સુધીના એડવાન્સ બુકિંગનો રેકોર્ડ સ્થાપ્યો હતો, સાથોસાથ સુરત ખાતેથી સૌથી વધુ ૧,૩૫૯ એક્સ્ટ્રા ટ્રીપોનું આયોજન કરી નિગમે ૮૬,૫૯૯ જેટલા પ્રવાસીઓને સમયબદ્ધ પોતાના વતન પહોંચાડી કુલ રૂ.૨.૫૭ કરોડની આવક કરી હતી.

એસટી વિભાગના સૂત્રોએ કહ્યું હતું કે દિવાળીનો તહેવાર નાગરીકો પોતાના વતનમાં જઈને જ ઉજવે છે તેવી એક પરંપરા રહી છે. આ તહેવારોને ધ્યાને લઈને વાહન વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં મુસાફરોને યોગ્ય -પુરતી સુવિધા આપવા એસ.ટી નિગમ નિરંતર પ્રયાસ કરી રહ્યું છે.પ્રવાસીઓને પોતાના માદરે વતન સહીત વિવિધ સ્થળોએ જવા માટે એસ.ટીની સલામત સવારી અપનાવે છે, જેના ભાગરૂપે તા.૨૯ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ ગુજરાત માર્ગ અને પરિવહન વિભાગે ૮૫,૪૩૭ ટિકિટો બુક કરીને રૂ.૨.૦૦ કરોડથી વધુની આવક મેળવી છે, તા.૩૦ ઓક્ટોબરના રોજ ૮૩,૪૨૬ સીટો દ્વારા રૂ.૧.૯૬ કરોડથી વધુ, તા.૩૧ ઓક્ટોબરના રોજ ૮૨,૧૯૦ સીટો દ્વારા ૧.૯૨ કરોડથી વધુ, તા.૧ નવેમ્બર ૨૦૨૪ના રોજ ૯૪,૦૧૮ સીટો દ્વારા રૂ. ૨.૧૬ કરોડથી વધુની આવક, તા.૨ નવેમ્બરના રોજ ૧,૦૨,૩૧૪ સીટો દ્વારા રૂ.૨.૨૭ કરોડ, ૩ નવેમ્બરના રોજ ૧,૨૮,૮૪૧ સીટો દ્વારા રૂ.૨.૮૪ કરોડથી વધુ તેમજ સૌથી વધુ ૪ નવેમ્બરે ૧,૪૧,૪૬૮ સીટોના બુકિંગ સાથે નિગમે રૂ.૩.૧૫ કરોડથી વધુની આવક મેળવી છે.

ગુજરાત સ્ટેટ કો. ઓપ. બેંકનાં પ્રતિનિધિની 8મીએ ચૂંટણી, ભાજપના બે જૂથોમાં સળવળાટ

રાજુ પાઠક જૂથ નરેશ પટેલની તરફેણમાં, તો મંત્રી મુકેશ પટેલ, માનસિંહ પટેલ, સંદિપ દેસાઈ બળવંત પટેલની તરફેણમાં

સુરત : ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવ બેંક લિમિટેડ એપેક્ષ બોડીનાં સુરતનાં પ્રતિનિધિની ચૂંટણી 8 મી નવેમ્બરે યોજાય એ પૂર્વે ભાજપના સહકારી આગેવાનોનાં બે જૂથોમાં સળવળાટ જોવા મળ્યો છે. જિલ્લા કલેક્ટરના આદેશથી સિટી પ્રાંત દ્વારા ધી સુરત ડિસ્ટ્રિક્ટ કો. ઓપરેટિવ બેંકનાં મેનેજિંગ ડિરેક્ટર મહાવીરસિંહ ચૌહાણને એજન્ડા બહાર પાડવા આદેશ આપવામાં આવતા તેમણે બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ચૂંટણી લક્ષી બેઠક 8 નવેમ્બરે યોજી છે.

GSC બેંકમાં જિલ્લા મધ્યસ્થ બેંકના ચેરમેનને પ્રતિનિધિ તરીકે મોકલવાનો પ્રિવિલેજ હોય છે. એ હિસાબે સુરત ડિસ્ટ્રિક્ટ કો. ઓપરેટિવ બેંકનાં ચેરમેન બળવંત પટેલ ઉમેદવારી નોંધાવશે. ભાજપના સહકારી આગેવાનોમાં ચર્ચા એવી ચાલી રહી છે કે, સુમુલ ડેરીનાં વર્તમાન ઉપપ્રમુખ રાજુભાઈ પાઠકનું જૂથ આ ચૂંટણીમાં બેંકના વર્તમાન ડિરેક્ટર અને તત્કાલિન ચેરમેન નરેશભાઈ બી. પટેલને ઉમેદવારી નોંધાવવા શક્યતા ચકાસી રહ્યું છે. બીજી તરફ ડિરેક્ટર એવા મંત્રી મુકેશભાઈ પટેલ, સુમુલનાં ચેરમેન અને બેંકના ડિરેક્ટર માનસિંહ પટેલ અને ધારાસભ્ય સંદિપ દેસાઈ પ્રીવિલેજ પરંપરા મુજબ ડિસ્ટ્રિક્ટ બેંકનાં ચેરમેન બળવંત પટેલની ઉમેદવારીની તરફેણ કરી રહ્યાં છે.અને બેંકનું બહુમતી બોર્ડ બળવંત પટેલની તરફેણમાં રહે એ માટે આગોતરું આયોજન કરી રહ્યું છે. કોંગ્રેસી મૂળનાં ડિરેક્ટર અને ભાજપી મૂળના ડિરેક્ટરનું વલણ જાણવા પ્રયાસો થતા GSC બેંકનાં પ્રતિનિધિની ચૂંટણી પૂર્વે સહકારી ક્ષેત્રે ગરમાટો આવ્યો છે.

સુરત અને તાપી જિલ્લાનાં ખેડૂતોને ડાંગર અને શેરડીનાં પાકનાં નુકશાન પેટે 0% વ્યાજે પચાસ હજારની લોન આપવાનો મુદ્દો ગાજશે

સુરત અને તાપી જિલ્લામાં ભારે વરસાદને પગલે ડાંગર અને શેરડીનાં પાક ખૂબ નુકસાન થતા ખેડૂતોને 0% વ્યાજે પચાસ હજાર સુધીની લોન આપવા માંગનો મુદ્દો સુડીકો બેંકની બોર્ડ મિટિંગમાં ગાજે એવી શક્યતા છે. કારણકે, કેટલાક ડિરેક્ટર આ મુદ્દે ખેડૂતોની સાથે છે. જિલ્લાના સહકારી અને ખેડૂત આગેવાન જયેશ એન.પટેલ (દેલાડ) એ સુરત જિલ્લા મધ્યસ્થ કો.ઓપ.બેંકનાં સંચાલકોને રાજકોટ જિલ્લા સહકારી બેંકની જેમ સુરત ડીસ્ટ્રિક્ટ બેંક પણ ખેડૂતોને 50,000 ની લોન 0% વ્યાજે આપવા માંગ કરી છે.

દિવ્યાંગ વિદ્યાર્થીઓને હવે રાજ્ય સરકાર 5000 સુધીની આર્થિક સહાય આપશે

દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજનાની જાહેરાત, ધો. 1થી 7ના વિદ્યાર્થીઓને વાર્ષિક 1000, તેથી ઉચ્ચાભ્યાસમાં મહત્તમ વાર્ષિક 5000 ચૂકવાશે

સુરત : દિવ્યાંગ વિદ્યાર્થીઓને શિક્ષણમાં પ્રોત્સાહન આપવા માટે રાજ્ય સરકાર દ્વારા દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના અમલમાં મુકાઈ છે. આ યોજનાનો હેતુ દિવ્યાંગ વિદ્યાર્થીઓને શાળામાં સાચવવા અને તેમનો શિક્ષણમાં વ્યાપ વધારવાનો છે, જેમાં વિદ્યાર્થીની શૈક્ષણિક પ્રક્રિયા સુનિશ્ચિત કરવા માટે આર્થિક સહાય ઉપલબ્ધ કરવામાં આવે છે.

આ યોજનાનો લાભ મેળવવા માટે દિવ્યાંગતાની ટકાવારી 40 ટકા કે તેથી વધુ હોવી જરૂરી છે. ધોરણ 1 થી 7ના વિદ્યાર્થીઓને વાર્ષિક રૂપિયા 1000 અને ધોરણ 8 કે તેથી ઉપરના વિદ્યાર્થીઓને રૂપિયા 1500 થી મહત્તમ રૂપિયા 5000 સુધી શિષ્યવૃત્તિ મળી શકે છે. આ સહાય માટે, વિદ્યાર્થીએ છેલ્લી વાર્ષિક પરીક્ષામાં ઓછામાં ઓછા 40% ગુણ પ્રાપ્ત કરેલા હોવા જોઈએ અને વાલીની વાર્ષિક આવક રૂપિયા 50,000 કરતાં ઓછી હોવી જોઈએ.

દર વર્ષે શૈક્ષણિક વર્ષ શરૂ થતાં જ અરજીઓ શાળા, સ્કૂલ અથવા કોલેજ દ્વારા લેવામાં આવે છે. દિવ્યાંગતાનું પ્રમાણપત્ર, વાલીની આવકનો દાખલ, તબીબી નિષ્ણાત દ્વારા મળેલું વિકલાંગતાનું પ્રમાણપત્ર અને અગાઉના વર્ષના પરીક્ષાના પરિણામની નકલ અરજીમાં જોડવી જરૂરી છે. જો કોઈ વિદ્યાર્થી અભ્યાસમાં અનિયમિત હોય, અધવચ્ચે અભ્યાસ છોડી દે, અથવા અન્ય શિષ્યવૃત્તિ મેળવે, તો તેને આ યોજનાનો લાભ મળવાપાત્ર નથી. વધુમાં, આ યોજનાની અરજી માટે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીમાં સંપર્ક કરી શકાય છે.

આદિજાતિ યુવક-યુવતીઓને પાયલોટ બનવા માટે ૨૫ લાખ સુધીની લોન સહાય અપાશે

રાજ્ય સરકારે વિશેષ લોન યોજનાની જાહેરાત કરી, માત્ર 4 ટકાના વાર્ષિક દરે લોન મળશે, છ મહિનાના ગ્રેસ પીરિયડ બાદ 60 હપ્તામાં લોન ચૂકવવાની રહેશે

સુરતઃ રાજ્ય સરકાર દ્વારા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે એક અનોખી લોન યોજના અમલમાં મૂકવામાં આવી છે, જેમાં પાયલોટ તાલીમ માટે ૨૫ લાખ રૂપિયાની મર્યાદામાં લોન સહાય પૂરી પાડવામાં આવે છે. આ લોન પર માત્ર ૪ ટકા વાર્ષિક વ્યાજ દર છે અને તાલીમ પૂર્ણ થયા બાદ છ મહિનાના ગ્રેસ પિરિયડ પછી ૬૦ હપ્તામાં લોન ચૂકવવાની સુવિધા અપાછે.

લોનની અરજી કરવા માટે ઉમેદવારને મેટ્રિક્યુલેશન, હાયર સેકન્ડરી અથવા ઈન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ કે તેની સમકક્ષ કક્ષા પાસ કરેલી હોવી આવશ્યક છે, તેમજ માન્ય કોમર્શિયલ પાયલોટ ઈન્સ્ટિટ્યુટમાં પ્રવેશ મેળવેલો હોવો જોઈએ. આદિજાતિ પેટા વિસ્તારના અરજદારોને તેમની અરજી માટે ક્ષેત્રના પ્રાયોજના વહીવટદારની ભલામણ લેવી પડશે. અન્ય ક્ષેત્રના અરજદારો માટે, પ્રત્યેક અચરજને તેમની અરજીને તકેદારી અધિકારીની કચેરીમાં રજૂ કરવાની રહેશે.

વિશેષ માહિતી માટે, ઉમેદવારો આદિજાતિની સત્તાવાર વેબસાઈટ adijatinigam.gujarat.gov.in પર અથવા ગાંધીનગર સ્થિત ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન, બિરસા મુંડા ભવનમાં સંપર્ક કરી શકે છે.

15 થી 30 ડિસે. દરમિયાન 50 લાખના ખર્ચે સુંવાલી દરિયાકિનારે બીજીવાર બીચ ફેસ્ટિવલ યોજાશે

ગોવા કાર્નિવલની તર્જ પર સાંસ્કૃતિક, રમતગમત અને મનોરંજનનાં કાર્યક્રમો યોજાશે:સંદિપ દેસાઈ

સુરતઃ આગામી તા.15થી 30 ડિસેમ્બર દરમિયાન સુરતના હજીરા નજીક આવેલા સુવાલીના દરિયાકિનારે બે દિવસીય બીચ ફેસ્ટિવલ યોજાશે. રાજ્યનાં વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ, ધારાસભ્ય સંદિપ દેસાઈએ આ સંદર્ભે બેઠક યોજી પૂર્વ તૈયારીઓ અને સુચારૂ આયોજન અંગે જુદાં-જુદાં વિભાગોને કામગીરીના દિશાનિર્દેશ આપ્યા હતા. બીચ ફેસ્ટિવલમાં ઊંટ અને ઘોડેસવારી, ક્રાફટ સ્ટોલ, ફુડ કોર્ટ, ફોટો કોર્નર જેવા વિશેષ આકર્ષણો સાથે પ્રવાસીઓ દરિયાઈ ખુશનુમા માહોલમાં હરવા-ફરવાની સાથે ખાણીપીણીનો આનંદ માણી શકશે. ગોવા કાર્નિવલની તર્જ પર સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે, ગત વર્ષની જેમ ડાયરાનાં આયોજન માટે પણ ચર્ચા વિચારણા ચાલી રહી છે. રાજ્યમાં પ્રવાસનને પ્રોત્સાહન મળી રહે તે માટે પ્રવાસન વિભાગ દ્વારા વિવિધ ફેસ્ટિવલની ઉજવણીની પરંપરા રહી છે, ત્યારે સુવાલીમાં 7 વર્ષ પછી બીચ ફેસ્ટિવલ ફેબ્રુઆરીમાં યોજાયું હતું. એ પછી ચાલુ વર્ષે બીજીવાર યોજાશે. અહીં સાહસના શોખીનો માટે એડવેન્ચર્સ સ્પોર્ટ્સ હશે, તો ભાતીગળ વસ્તુઓના ચાહકો માટે હસ્તકલાની વસ્તુઓના સ્ટોલ્સ પણ ઉપલબ્ધ હશે. બાળકોના મનોરંજન માટે વિશેષ આયોજન છે. બીચ ફેસ્ટિવલમાં સુરતીઓ મોજ માણી શકશે

ફેસ વનમાં 48 કરોડના ખર્ચે સુંવાલી બીચ ડેવલપ કરાશે

સુરત મહાનગરપાલિકા ડુમસ બીચ ડેવલપ કરી રહી છે, એને સમાંતર ચોર્યાસીનાં ધારાસભ્ય સંદિપ દેસાઈના પ્રયાસોને પગલે ફેસ વનમાં 48 કરોડના ખર્ચે સુવાલી બીચ ડેવલપ કરાશે. સુડાએ 10 કરોડ મંજૂર કર્યા છે, તબક્કાવાર રીતે ત્રણ વર્ષમાં સુવાલી બીચ વિકસાવાશે. સુવાલી બીચ સુધી પહોંચવા 7 કરોડના ખર્ચે 10 મીટર પહોળો રસ્તો બનાવવામાં આવ્યો છે. દિવાળીમાં 220 લાખના ખર્ચે રેસ્ટ હાઉસ બનાવવા માટે પણ મંજૂરી મળી છે. 25 લાખના ખર્ચે સહેલાણીઓ માટે શૌચાલય બનાવવામાં આવશે.

દોઢથી બે ટકા ભાવ ઘટાડા છતાં પણ ડી' બિઅર્સની નવેમ્બર માસની સાઈટમાં રફ ડાયમંડની માંગ નબળી

નબળી માંગને લીધે ડી બિઅર્સનાં રફ ડાયમંડનું વેચાણ ગત વર્ષ કરતાં 25% ઘટ્યું

સુરત : 4 નવેમ્બરથી શરૂ થયેલી ડી બિઅર્સની નવેમ્બર માસની સાઈટમાં પણ રફ ડાયમન્ડની માંગ નબળી જોવા મળી છે. રફના ભાવમાં દોઢથી બે ટકાનો ઘટાડો છતાં સાઈટ હોલ્ડરોએ નકારાત્મક માર્કેટની સ્થિતિ જોતાં મોંઘી કિંમતની રફ નહીં ખરીદવા ડી બિઅર્સ (ડીટીસી) ને અપીલ કરી હતી. ડાયમંડના ભાવ ઓક્ટોબરમાં ઘટ્યા હતા. પરંતુ મહિનાના બીજા ભાગમાં સ્થિર થયા હતા. યુએસ ખરીદદારોએ ભારતની દિવાળી શટડાઉન પહેલા તહેવારોની મોસમ માટે ખરીદી કરી હતી. જોકે, ઉત્પાદકો ડીપ ડિસ્કાઉન્ટ પર વેચવાનું દબાણ છે. ચીન, અમેરિકા અને યુરોપમાં નબળી માંગને લીધે ડી બિઅર્સનાં રફ ડાયમંડનું વેચાણ ગત વર્ષ કરતાં 25% ઘટ્યું છે. નાણાકીય વર્ષ 2024-25 હીરા ઉદ્યોગ માટે નબળું રહેવાનો અંદાજ છે. ડી બિઅર્સનું રફ હીરાનું ઉત્પાદન ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં 25% ઘટીને 5.6 મિલિયન કેરેટ થયું છે. ગ્લોબલ ડાયમંડ માઇનિંગ જાયન્ટ ડી બિઅર્સે 2024ના ત્રીજા ત્રિમાસિક ગાળા માટે તેના હીરાના ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો કરવાની જાહેરાત કરી છે. કંપનીએ લાંબા સમય સુધી નબળી ગ્રાહક માંગ, ખાસ કરીને ચીનમાં, અને મધ્ય પૂર્વના બજારમાં વકરતી જતી સ્થિતિની અસર વેપાર પર થઈ છે. એકંદરે, ડી બિઅર્સનું રફ હીરાનું ઉત્પાદન ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીમાં બોત્સ્વાનામાં 32% ઘટીને 3.9 મિલિયન કેરેટ થયું હતું. નામિબિયા (-14% થી 456,000 કેરેટ) અને કેનેડા (-11% થી 603,000 કેરેટ) માં પણ નોંધપાત્ર ઘટાડો થયો. પડકારરૂપ બજારની પરિસ્થિતિઓને સંબોધવા માટે, ડી બિઅર્સે બે વેચાણ સાઈટને મર્જ કરવા અને ભાવિ વેચાણ માટેની તારીખો આગળ લાવવા સહિત અનેક પગલાં લીધાં છે. કંપની આગામી મહિનાઓમાં ઉત્પાદનમાં વધુ ઘટાડો કરવા માટે તેના ભાગીદારો સાથે સક્રિયપણે વિકલ્પોની શોધ કરી રહી છે.

અનુસંધાન ... પાના પહેલાનું

સાત સ્વિંગ...

રાજ્યો યુદ્ધભૂમિ રાજ્યો તરીકે પણ ઓળખાય છે, સ્વિંગ રાજ્યો યુએસ ચૂંટણીમાં જીતની ચાવી ધરાવે છે. આ રાજ્યોમાં ડેમોક્રેટ્સ અને રિપબ્લિકન માટે લગભગ સમાન સ્તરનું સમર્થન છે અને આ રાજ્યોથી જ ચૂંટણીમાં હાર જીત નક્કી થાય છે.

ટ્રમ્પની જીતથી...

મજબૂતાઈનો અંદાજ લગાવતો ડોલર ઇન્ડેક્સ 1.34 ટકાના વધારા સાથે 104.80 પર ટ્રેડ કરી રહ્યો હતો. ટ્રમ્પ અમેરિકાના આગામી રાષ્ટ્રપતિ બનવાની તૈયારીમાં હતા તે પછી આ સૂચકાંકમાં વધારો થયો હતો. વાયદાના વેપારમાં વૈશ્વિક ઓઇલ બેંચમાર્ક બ્રેન્ટ ક્રૂડ 1.43 ટકા ઘટીને 74.45 ડોલર પ્રતિ બેરલ પર આવી ગયું છે. સીઝનલ રીતે એડજસ્ટેડ એચએસબીસી ઇન્ડિયા સર્વિસીસ બિઝનેસ એક્ટિવિટી ઇન્ડેક્સ સપ્ટેમ્બરમાં 57.7થી વધીને ઓક્ટોબરમાં 58.5 થયો હતો, કારણ કે મજબૂત વેચાણ પાઇપલાઇન્સ અને મજબૂત માગની સ્થિતિએ બિઝનેસ એક્ટિવિટીમાં વધારાને ટેકો આપ્યો હતો

વૈશ્વિક નેતાઓએ...

કહ્યું હતું કે, 'જેમ આપણે અગાઉ ચાર વર્ષ દરમિયાન કરી શક્યા તે રીતે સાથે કામ કરવા માટે અમે તૈયાર છીએ.' યુક્રેનના પ્રમુખ વોલોદીમિર ઝેલેન્સકીએ ટ્રમ્પને અભિનંદન પાઠવતા સપ્ટેમ્બરમાં ટ્રમ્પ સાથેની તેમની મહાન બેઠકને યાદ કરી હતી જેમાં તેમણે રશિયા સાથે ચાલી રહેલા યુદ્ધ સહિત અન્ય મુદ્દાઓ પર વાતચીત કરી હતી. ઈટાલીના વડા પ્રધાન જ્યોર્જિયા મેલોની, જર્મન ચાંસલર ઓલફ સ્કોલ્ઝ અને હંગેરીના વડા પ્રધાન વિકટર ઓરબને પણ ટ્રમ્પને અભિનંદન પાઠવ્યા હતા.

ટ્રમ્પ જીતશે...

કરવામાં આવ્યો જ હતો કે આ વખતે અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પ જીતશે. ગત તા.2જી નવેમ્બરના રોજ પ્રકાશિત કરવામાં આવેલી આ 'ભવિષ્ય દર્પણ' પૂર્તિનો વર્તારો પહેલા જ સપ્તાહમાં સફળ પુરવાર થયો છે. જેને પગલે વાચકોનો 'ગુજરાતમિત્ર' પરનો ભરોસો પ્રબળ બન્યો છે. 'ગુજરાતમિત્ર' દ્વારા દર વર્ષે દિવાળી પર્વ પર વિશેષ પૂર્તિ તરીકે 'ભવિષ્ય દર્પણ' પૂર્તિ પ્રકાશિત કરવામાં આવે છે. જે વાચકોમાં અતિ પ્રિય પણ છે. આ વખતે પ્રસિદ્ધ કરવામાં આવેલી આ પૂર્તિમાં દુનિયાની મહાસત્તા અમેરિકામાં શું થશે તેની ભવિષ્યવાણી પણ રજૂ કરવામાં આવી હતી. અમેરિકાની કુંડળી પરથી કરવામાં આવેલી આ ભવિષ્યવાણીમાં નવા પક્ષની સત્તા આવશે અને ડોનાલ્ડ ટ્રમ્પ ઈલેકશન જીતે તેવી પ્રબળ શક્યતા જણાવવામાં આવી હતી. આ ભવિષ્યવાણીના ચાર જ દિવસમાં અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણીના પરિણામો જાહેર થયા છે અને તેમાં આ ભવિષ્યવાણી સાચી સાબિત થવા પામી છે.

શું લખવામાં...

રાશિ છે. અહીં 21 ઓક્ટોબર 2024 પછી શ્રીમાન ટ્રમ્પની કુંડળીમાં ઈલેકશન જીતી શકાય એવા સંજોગો વધી જાય છે. 5 નવેમ્બરના દિવસે થનારા ઈલેકશનમાં ડોનાલ્ડ ટ્રમ્પની જીતવાની શક્યતા વધારે છે.'

કમલા હેરિસ...

પરંતુ તેમના નામાંકનથી મહિલાઓને ઉત્સાહ થયો છે કે જાહેર જીવનમાં આ દરવાજા તેમના માટે બંધ નથી. 60 વર્ષીય કમલા હેરિસે, જો કે અન્ય કેટલીક સિદ્ધીઓ મેળવી હતી. તે સાન ફ્રાન્સિસ્કોની ડિસ્ટ્રિક્ટ એટર્ની રહાં છે, તેઓ આ પદ માટે ચૂંટાયેલા પ્રથમ મહિલા, પ્રથમ આફ્રિકન-અમેરિકન અને પ્રથમ ભારતીય મૂળની વ્યક્તિ બન્યાં હતાં. ઉપપ્રમુખ તરીકે આ પદ સંભાળનાર તેઓ પ્રથમ મહિલા છે. ઉપરાંત, તે ત્યાં પહોંચનાર પ્રથમ આફ્રિકન-અમેરિકન અથવા ભારતીય-અમેરિકન વ્યક્તિ છે. 5 નવેમ્બરની ચૂંટણીના ત્રણ દિવસ પહેલા હેરિસે બાળપણમાં તેમની વારંવારની ભારતની મુલાકાતને યાદ કરી અને તેમનાં સ્વર્ગસ્થ માતા શ્યામલા ગોપાલનને યાદ કર્યાં હતાં. તેમણે કહ્યું કે તેઓ માને છે કે અમેરિકનો એવા પ્રમુખ ઇચ્છે છે જે તમામ અમેરિકન લોકો માટે કામ કરે. અને તે મેં મારી આખી કારકિર્દી દરમિયાન કર્યું છે.' બાઈડેને તેમને 2016માં તેમના રનિંગ મેટ તરીકે પસંદ કર્યા હતા. તે માત્ર ત્રીજી મહિલા હતાં જેને મુખ્ય પક્ષની ટિકિટ પર ઉપપ્રમુખ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. અને તે સેનેટમાં માત્ર ત્રણ એશિયન અમેરિકનોમાંની એક હતાં અને ચેમ્બરમાં સેવા આપનાર પ્રથમ ભારતીય-અમેરિકન હતાં.

50 રાજ્યોના...

ઉમેદવારને 270 કે તેથી વધુ મત મળે છે તેને ચૂંટણીમાં વિજેતા જાહેર કરવામાં આવે છે. અમેરિકામાં 50 રાજ્યોમાંથી 'સ્વિંગ સ્ટેટ' સિવાયના મોટાભાગના રાજ્યો દરેક ચૂંટણીમાં એક જ પક્ષને મતદાન કરતા આવ્યા છે.

આ વખતે છ...

છે. એવી સંભાવના છે કે હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ભારતીય અમેરિકનોની સંખ્યા વધીને સાત થાય કારણ કે એરિઝોનાના પ્રથમ કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટમાં ડો. અમીશ શાહ તેમના રિપબ્લિકન હરીફ સામે નાના અંતરે આગળ હતા. વર્તમાન સંસદમાં હાલમાં પાંચ ભારતીય અમેરિકનો સામેલ છે, અમી બેરા, રાજા કૃષ્ણમૂર્તિ, રો ખન્ના, પ્રમિલા જયપાલ અને શ્રી થાનેદાર. હાલના તમામ પાંચ ભારતીય અમેરિકન સભ્યો હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવમાં ફરીથી ચૂંટાયા હતા.

ટ્રમ્પ 132...

ઈતિહાસમાં તેઓ આવા બીજા રાષ્ટ્રપતિ હશે. આ પહેલા ગ્રોવર ક્લીવલેન્ડ 1884માં અને ફરી 1892માં રાષ્ટ્રપતિ બન્યા હતા. ગ્રોવર પછી ટ્રમ્પ હવે સતત બે ટર્મ સાથે રાષ્ટ્રપતિ બનશે.

ડોનાલ્ડ ટ્રમ્પ...

હુમલાઓમાંથી બચી જવા છતાં, 78 વર્ષિય ટ્રમ્પ મેદાનમાં મજબૂત રહ્યા અને હવે અમેરિકન મતદારોએ તેમને બીજી ટર્મ આપી છે. હવે તેઓ અમેરિકાના ઈતિહાસમાં રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયેલા સૌથી વૃદ્ધ વ્યક્તિ છે.

અમેરિકામાં ફરી...

જ્યોર્જિયા અને નોર્થ કેરોલિના અને વિસ્કોન્સિનના યુદ્ધભૂમિ જેવા સ્વિંગ રાજ્યો જીત્યા છે એરિઝોના, મિશિગન અને નેવાડાના કેટલાક અન્ય સ્વિંગ રાજ્યોમાં હજુ પણ મત ગણતરી ચાલી રહી છે. મતોની ગણતરીમાં સ્પષ્ટ વલણ અગાઉ બહાર આવ્યું હતું, હેરિસે તેની અલ્મા મેટર હોવર્ડ યુનિવર્સિટીમાં ચૂંટણી વોચ પાર્ટી રદ કરી હતી. આ પરિણામો હેરિસ માટે એક મોટી નિરાશા

આ અમેરિકા...

બેઠો કરવામાં મદદ કરવા જઈ રહ્યા છીએ', એમ ટ્રમ્પે કહ્યું. ટ્રમ્પે પોતાના સંબોધનમાં અમેરિકામાં ગેરકાયદે ઘુસણખોરીને અટકાવવા અંગે પણ વાત કરી હતી. 'અમેરિકાએ આપણને અભૂતપૂર્વ અને શક્તિશાળી જનાદેશ આપ્યો છે. મને પ્રમુખ તરીકે ચૂંટવા બદલ હું અમેરિકાના લોકોનો આભાર માનું છું', એમ તેમણે કહ્યું.

પ્રથમ વખત...

પ્રતિનિધિઓ પસંદ કરે છે. ડેલવેરની લિસા બ્લન્ટ રોચેસ્ટર અને મેરીલેન્ડની એન્જેલા અલ્સોબૂક્સ તેમની રેસમાં જીતી ગયા હતા, જેણે સેનેટમાં ચૂંટાયેલી અશ્વેત મહિલાઓની સંખ્યા બમણી કરી (બેથી ચાર). ડેલવેરના મતદારોએ સારાહ મેકબ્રાઇડને એક મોટી હાઉસ રેસમાં ચૂંટ્યા, આમ તે કોંગ્રેસમાં જનાર પ્રથમ ટ્રાન્સજેન્ડર વ્યક્તિ બની હતી. અશ્વેત મહિલાઓએ યુએસ સેનેટમાં ઈતિહાસ રચ્યો છે. સેનેટમાં ક્યારેય બે અશ્વેત મહિલાઓએ એક જ સમયે સેવા આપી નથી ઉપપ્રમુખ તરીકે ચૂંટાયા તે પહેલાં કમલા હેરિસ સેનેટમાં સેવા આપનારી માત્ર બીજી અશ્વેત મહિલા અને પ્રથમ દક્ષિણ એશિયાઈ મહિલા હતાં.

અનુસંધાન ... પાના છેલ્લાનું

સિટીલાઈટ ખાતે...

અને શાવર ચાલુ કરી દીધો હતો પરંતુ આગનો ધુમાડો એટલો પ્રબળ હતો કે ગુંગળામણથી બંને યુવતીના મોત થઈ ગયા હતા. જે બે યુવતીના મોત થયા તે સિક્કમની હતી તેવું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. બંને યુવતી અલીષા અને મનીષા નામથી સ્પામાં ઓળખાતી હતી પરંતુ બે પૈકી એકનું આધાર કાર્ડ મળી આવ્યું હોય તેમાં તેનું નામ બેનુ હંગમા લીંબુ હોવાનું અને તે 40 વર્ષની હોવાનું અને બીજી યુવતીનું નામ મનીષા રોય હોવાનું જાણવા મળી રહ્યું છે.

વિસ્તૃત વિગત પ્રમાણે આગની ઘટનામાં શિવપૂજા અભિષેક બિલ્ડિંગમાં ટોપ ફ્લોર પર ચાલતા સનસિટી જીમ અને અમુતિયા સ્પા એન્ડ સલુનમાં લાગી હતી. આ મોલની ઇમારત સાડા ત્રણ માળની છે, જેના ટોપ ફ્લોર પર સનસિટી જીમ છે જીમવાળી જગ્યામાં ડબલ હાઇટથી સ્લેબ લઇને અંદરથી દાદર બનાવી ઉપર અમૃતિયા સ્પા એન્ડ સલુન ચાલે છે. શોર્ટ સર્કિટને કારણે પહેલા જીમમાં આગ લાગ્યા બાદ આગનો ધુમાડો જીમમાં જ અંદર માળ લઇને બનાવેલા સ્પા અને સલુન સુધી પહોંચ્યો હતો. જ્યારે આગ લાગી ત્યારે સ્પામાં ચાર યુવતી અને એક હાઉસકીપર હાજર હતા. જે પૈકી ત્રણ યુવતીઓ બહારની તરફ ભાગી હતી. જેથી તે બચી ગઈ હતી. જ્યારે અન્ય બે યુવતી ગભરાઈને દાદર પર ચડીને સ્પા માટે ઉપરની સાઇડે બનાવવામાં આવેલા રૂમોમાં દોડી ગઈ હતી અને દરવાજો બંધ કરી દીધો હતો. દરમિયાન ધુમાડો રૂમમાં પણ પ્રસરવા માંડતા બન્ને યુવતીઓ રૂમના વોશરૂમમાં ચ્યાલી ગઇ હતી અને કાચનો દરવાજો બંધ કરી દીધો હતો પરંતુ ધુમાડો ત્યાં પણ ફેલાઇ જતા બન્ને યુવતીઓ ગુંગળાઇને મોતને ભેટી હતી. ફાયરના જવાનોએ તેને મહામહેનતે કાચનો દરવાજો તોડીને બહાર કાઢી હતી પરંતુ ત્યાં સુધીમાં બંનેનું મોત થઈ ચૂક્યું હતું.

લઘુ કદના...

તેમ નથી. તાત્કાલિક રીતે આવી પ્રવૃત્તિ કરનારા રશિયાઓને પક્ષની બહારનો રસ્તો બતાવવો જોઈએ તેવી પ્રબળ માંગણી પક્ષના જ કાર્યકરો અને સ્થાનિક નેતાઓ કરી રહ્યા છે. આ જ વિસ્તારના અન્ય એક રાજકારણી પણ તેની કામલીલા માટે ચર્ચાનો વિષય બન્યા છે. તેણે પણ અન્ય એક યુવતીને ડીંડોલીમાં એક નહીં પણ બે ઘર અપાવ્યા છે. બસમાં ફરવા માટે જાણીતા આ નેતા બીજાના ઘરનો સંસાર ભાંગે તે પહેલા તે જે પક્ષમાંથી આવે છે તે પક્ષના નેતાઓએ જાગી જવાનો સમય છે.

લાભ પાંચમે...

સોનાનાં ભાવ ઘટવાની અપેક્ષાએ રાહ જોનારા ગ્રાહકોને આજે લાભ થયો હતો.

અમેરિકાની ચૂંટણીમાં પ્રેસિડેન્ટ પદે ડોનાલ્ડ ટ્રમ્પનો વિજય થતા સ્ટોક એક્સચેન્જો દ્વારા બંને હાથે આવકાર આપવામાં આવ્યો હતો. પણ બુલિયન માર્કેટમાં કરેક્શન જોવા મળ્યું હતું. ધનતેરસનાં દિવસે 24 કે